# મિથ્યાભિમાન ( ૧૮૭૦ )

રાજપૂત લાલસિંગ ચંદનસિંગ
આચાર્ય,
પસવાદળ પ્રા.શાળા
(મું-રજોસણા,તા-વડગામ, જી-બ.કાં )

કવિ દલપતરામ રચિત (૧૮૨૦-૧૮૯૮) મૌલિક હાસ્ય રસિક સામાજિક નાટક.

**મુખ્ય પાત્રો – જીવરામ ભટ્ટ, દેવબાઈ, સોમનાથ, રંગલો.**

દલપતરામ ડાહ્યાભાઈનો જન્મ વતન વઢવાણ માં થયો હતો, તેમણે અમદાવાદ આવીને વસવાટ કર્યો હતો. અર્વાચીન ગુજરાતી કવિતાના સુધારાયુગના તેઓ મહત્વના સર્જક છે. કેટલીક બાબતે મધ્યકાલીન રસરુચી ધરાવનારા દલપતરામે સુધારાની દષ્ટિએ પણ ગુજરાતની મોટી સેવા કરીછે, તેમણે લક્ષ્મી અને 'મિથ્યાભિમાન' નામનાં બે નાટકો આપ્યાં છે, જેમાં 'મિથ્યાભિમાન' લોકપ્રિય નાટક છે.

જીવરામ ભટ્ટના પાત્ર દ્વારા લેખકે હાસ્યનું નિરૂપણ કર્યુ છે, જીવરામ ભટ્ટ આપણા સાહીય્યનું એક ચિરંજીવ પાત્ર છે, મિથ્યાભિમાનનું એ પૂતળું છે, એ રતાંધળા હોવા છતાં પોતે દેખે છે એવું બતાવવા જતા એની મૂર્ખતા અને મિથ્યાભિમાન પકડાઈ જાય છે અને તેમાંથી હાસ્ય નિષ્પન્ન થાયછે.

જીવરામનો નાહવાનો, પાઘડી લેવા બાબતનો, દિવાલ સામે અવળે મોંઢે બેસવાનો, કંસાર પીરસતા સાસુને પાડી સમજી લાત મારવાનો, શાસ્ત્ર જ્ઞાનના વાદ-વિવાદનો વગેરે પ્રસંગોમાં દલપતરામ જીવરામ ભટ્ટના પોકળ મિથ્યાભિમાનપણાને પ્રગટ કરીને હાસ્ય નીપજાવે છે, જીવરામ ભટ્ટના વ્યક્તિત્વ પર ટીકા –કટાક્ષ કરતું મશ્કરા રંગલાનું પાત્ર પણ ધ્યાન ખેંચે છે,

માણસમાં છુપાયેલા દંભ – આડંબર અને પોકળતા ને જીવરામ ભટ્ટના પાત્ર દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

મિથ્યાભિમાન, દંભ તથા આડંબર જેવી સ્વભાવ મર્યાદાઓને ખુલ્લી પાડવા માટે નાટ્યલેખ મોકલવા માટેની 'બુદ્ધિપ્રકાશ' ની જાહેરાતના સંદર્ભમાં દલપતરામે આ 'હાસ્યરસમાં નાટકરૂપી નિબંધ' લખી મોકલ્યો હતો. આ કૃતિને તેમણે 'ભૂંગળ વિનાની ભવાઈ' તરીકે પણ ઓળખાવી છે. તેમાં ૮ અંકો અને ૧૪ દ્દશ્યો છે. સંસ્કૃત પરિપાટી મુજબ સૂત્રધાર તથા રંગલાના મનોરંજક સંવાદ મારફત વિષય –સૂચન કરાયા પછી નાયક જીવરામ ભટ્ટનો પ્રવેશ થાય છે.

પપ વર્ષના જીવરામ ભટ્ટ મનસાપૂરીના રઘનાથ ભટ્ટની ૨૦ વર્ષની રૂપવતી પુત્રી જમાનાને પરણેલા છે. એક વખત તે સાસરે આવવા નીકળે છે, રતાંધળાપણાનારોગના કારણે રાત્રે તેમણે કશું સૂઝતું નથી, છતાં પોતાની આ મર્યાદા અને નબળાઈ છુપાવી, પોતાને બધું જ દેખાય છે એવો આડંબર અને ઢોંગ સતત કર્યા કરેછે; પરિણામે અનેક હાસ્યાસ્પદ પ્રસંગો મારફત તેમની ફજેતી થાય છે અને તેમને અનેક રીતે વેઠવું પડેછે, આથી માનહાનિ થાય છે અને તેમનું મિથ્યાભિમાન ઉઘાડું પડી જાયછે. આથી છેલ્લે જીવરામ પસ્તાવો કરેછે અને અભિમાન, દંભ તથા ડોળ જેવાં દૂષણોથી દૂર રહેવા વિશે શીખ આપતો આરસ-સ્તંભ રચવા સ્વજનોને જણાવે છે.

આ કેન્દ્રસ્થ પાત્ર અથવા નાયકનો કરુણ અંત આલેખાયો હોવા છતાં, 'મિથ્યાભિમાન' ગુજરાતી સાહિત્યમાં એક નમૂનેદાર પ્રહસનાત્મક નાટ્યકૃતિ લેખાય છે, આ નાટક લખાયું (૧૮૭૦) તે અરસામાં મુંબઈ જેવા નગરમાં 'પિક્ચર ફ્રેમ' થિયેટરનો આવિષ્કાર થઇ ચૂક્યો હતો એટલે દલપતરામ થીયેટરની રચના, સ્ટેજ-સેટિંગ તથા નાટ્યભજવણી અને તે માટેની સૂચના જેવી રંગભૂમિ – વિષયક બાબતોથી પરિચિત હતા અને પોતાની આવી જાણકારીનો તેમણે આ યાદગાર કૃતિમાં ઠીક ઉપયોગ કર્યો છે, વળી સંસ્કૃત નાટ્ય પરિપાટીના તત્વોરૂપે નાંદી, સૂત્રધાર તથા સંસ્કૃત નાટકોના શ્લોકોનો પણ નાટ્યબંધમાં વિનિયોગ થયો છે, જ્યારે નાત્યારંભથી અંત સુધી હાસ્ય રસિક ઉક્તિઓ ઉચ્ચારતાં રહી સમગ્ર કથાપટમાં છવાઈ રહેતાં

રંગલાનું પાત્ર તળપદી ભવાઈ શૈલીની લાક્ષણીકતા દાખવે છે, આમ આ પ્રારંભકાલિન હાસ્ય નાટકમાં ત્રિવિધ શૈલી તત્વોનો રોચક સમન્વય છે.

આ નાટક ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ૧૮૭૧માં 'મિથ્યાભિમાન અથવા જીવરામ ભટ્ટ' – એ નામે છાપી પ્રગટ કર્યું. લખાયા-છપાયા પછી આ પ્રહસન છેક ૧૯૫૩માં ગુજરાત વિદ્યાસભા સંચાલિત નટમંડળે સફળતાપૂર્વક ભજવી ભારે લોકપ્રિયતા મેળવી.

ગુજરાતી હાસ્ય નવલકથા 'ભન્દ્રંભન્દ્ર' જેવું જ અમર હાસ્ય પ્રધાન નાટક 'મિથ્યાભિમાન' અચૂક વાંચવા જેવું છે. દિવસનું અજવાળું આથમતાં જ અંધાપો અનુભવતાં રતાંધળા જીવરામ ભટ્ટ મિથ્યાભિમાનથી આ મર્યાદા સ્વીકારતા નથી, જીવરામ રતાંધળા છે તે લોકો જાણતા નથી અને અને એમાંથી સર્જાય છે છબરડાઓની પરંપરા. વાક્યે વાક્યે ખખડાટ હસાવતું આ નાટક મિથ્યા અભિમાનથી સર્જાતી કરૂણતાનો હૃદયસ્પર્શી ખ્યાલ આપી વાચકને હાસ્ય સાથે જ જીવનનો સાચો રાહ પણ બતાવે છે.

" જય જય ગરવી ગુજરાત "

- દિનકર ભોજક

### સંદર્ભ ગ્રંથ

ગુજરાતી વિશ્વકોશ ખંડ -૧૬